# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૭૬ • તા.૨૩ ઓક્ટોબર થી ૨૯ ઓક્ટોબર ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## સર્વ જ્ઞાતિજનોને દીપાવલીની હાર્દિક શુભેચ્છા

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પર્વોમાં મહાપર્વ દીપાવલી

દિવાળી અમાસના, અંધકારમાં આવતો તહેવાર છે. છતાં સૌના હૈયામાં ઉત્સાહ ઉલ્હાસ, ઉમંગના અજવાસ પથરાય છે. દિવાળીએ એક દિવસનો તહેવાર નથી. એક સાથે સળંગ પાંચ દિવસ પાંચ તહેવાર પર્વનો સમૂહ મહાપર્વ છે. એકાદશી વાકબારસ, ધનતેરસ, કાળી ચોદશ અને દિવાળી. આમ પંચક વર્ષનો ઝૂમખો એટલે દીપોત્સવી મહાપર્વ.

દિવાળી હિંદુ ધર્મ, સંસ્કૃતિનો મોટો તહેવાર છે. ચૌદ વરસના વનવાસ પછી રાવણ વધ કરી અયોધ્યા પાછા આવ્યા. આ ખુશાલીમાં અયોધ્યા વાસીઓ ઘરઘરમાં આંગણ, ચોક, ગલી રસ્તાઓમાં તોરણ-પતાકા, ધજા લહેરાવી અને દીપ પ્રગટાવી ખુશીનો ભાવ વ્યક્ત કર્યો. આતશબાજી કરી રાતના અંધકારને અજવાળી. આ પરંપરા આજ પર્યંત જળવાઈ રહી છે.

દિવાળી વિક્રમ સંવતના આખરે આવતો તહેવાર છે. છતાં ખુશી, આનંદ અને હર્ષ વ્યક્ત કરી ઉજવાતો તહેવાર છે. દિવાળીના બીજા દિવસે નવા વિક્રમ સંવત વર્ષની શરૂઆત થાય છે. નવો વરસ નવી ઉમંગ, નવ આશા સાથે વીતે એવી શ્રધ્ધા વ્યક્ત થતી હોય છે. દિવાળી પર્વમાં ગણેશજી, માતા સરસ્વતી અને મહાલક્ષ્મીનું પૂજન કરવાની પરંપરા છે. લેખક, સાહિત્ય કારો, વિદ્યાર્થીઓ માતા સરસ્વતીની આરાધના કરે છે. વ્યાપારીઓ ચોપડાપૂજન દ્વારા શારદામાતાની, ધનપૂજન કરી મહાલક્ષ્મીની ભક્તિ કરી આશીષ વાંછના કરે છે. પ્રત્યેક સંસારિક પરિવારિક વ્યક્તિ રિદ્ધિ-સિદ્ધિ, સુખ શાંતિ આરોગ્યની કામના કરે એ સહજ છે. આખું વરસ સુખરૂપ વીતે એવી ઈચ્છા ધરાવે છે.

પરિવાર વડીલો દિવાળી પર્વને ઉત્સવની જેમ ઉજવે છે. નાના મોટા સૌ સાથે હળી મળી સુમેળથી, આનંદ ઉમંગથી, રીત રિવાજ સાથે પરંપારિક રીતે ઉજવાય એનું ધ્યાન રાખે છે. તો નાના બાળકો વેકેશનની મોજ અભ્યાસનો બોજ રાખ્યા વગર વિવિધ મીઠાઈ પકવાનો આરોગી મોજ માણે છે. દિવસ રાત આતશબાજી કરી આનંદ કરે છે. પરિવારની મહિલાઓ વિશેષ ધર્મ ધ્યાન, દેવ-દર્શન સાથે ઘર આંગણામાં દીપમાળા પ્રગટાવી, રંગોળી કરી, શુભ-લાભ અને ભલે પધાર્યાના સૂત્ર લખી મહાલક્ષ્મી પધારી પરિવારમાં સ્થિરતા કરે એવી ભાવના વ્યક્ત કરે છે.

ભારતીય સંસ્કૃતિના ઉત્સવોનો મર્મ સર્વે સુખીના સન્તુ સર્વે સન્તુ નિરામયની ભાવના વ્યક્ત કરે છે. વંચિતો, જરૂરતમંદો પણ ઉત્સવ ઉજવી શકે એ માટે આપણે તેને મદદરૂપ થઈએ. નાના બાળકો પણ અત્યારથી જ આ સંસ્કારો ધરાવી ઉત્સવ ઉજવણીનો સૌને મદદરૂપ થઈએ. નાના બાળકો પણ અત્યારથી જ આવા સંસ્કારો ધરાવી ઉત્સવ ઉજવણીઓ આનંદ માણે. તહેવારોની ઉજવણીની મધુરતા સૌ સાથે પ્રેમ આદર, સ્નેહના દીપક પ્રગટાવી ઉજવાય. તેનો આનંદ અનેરો હોય છે. એની પ્રતીતિ સૌને થાય એ દિવાળી પર્વનો મર્મ છે. પ્રકાશ માત્ર બ્રાહ્મરૂપે નહીં. આંતરિક પથરાય એ જરૂરી છે.

સૌ જ્ઞાતિજનોને દીપાવલીની શુભેચ્છા.

- જય જ્ઞાતિમૈયા

# સંબંધને સાચવી લેવાની કળા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

આજે આપણે જોઈએ છીએ કે દરેક જ્ઞાતિ કે સમાજમાં મોટો અને વિકટ પ્રશ્ન છે સગપણ તૂટવા કે છૂટાછેડા થવા. સૌ પ્રથમ તો સંતાનોના સગપણ થાય એ માટે ઘણું મથવું પડે છે. આજે છોકરા કે છોકરીઓની પસંદગી, જીવનસાથી માટેના માપદંડ બદલાઈ ગયા છે. થોડું ઘણું પણ બંન્ને પક્ષો બાંધ છોડ કરતા નથી. જેને લીધે સંતાનોની ઉંમર વિતી જતી હોય છે.

એવું જ લગ્ન સંબંધમાં થઈ ગયું છે. જીવનભરનો સાથ કે જન્મોજન્મનો સાથ કહેવાતા આ અતૂટ બંધન આજે જાણે કાચ જેવા બટકણા થઈ ગયા છે. આજની પેઢીમાં ભણતર વધ્યું છે, પણ ગણતર ઘટ્યું છે. સમજણશક્તિ અને સહનશક્તિનો અભાવ પ્રર્વતે છે. બીજું મોબાઈલના ઉપયોગથી નાની નાની વાતો, ફોટા, વીડિયોની આપલે અહીંથી ત્યાં થતી રહેતી હોવાથી રજનું ગજ થઈ જાય છે. બાંધી મુઠીમાં રાખવાની વાત ખુલ્લી પડી ખાખ બની જાય છે.

બંન્ને પક્ષો કોઈપણ વાતનું વતેસર ન થાય એની કાળજી લેવી જોઈએ. કોઈ નાની એવી વાતનું લઈને નોક ઝોક થઈ જાય તો બને ત્યાં સુધી આ સમસ્યા વામન રહે વિકરાળ ન બને એનો ખ્યાલ રાખવો જોઈએ. જેથી સંબંધમાં ખારાશ કે ખટાશ ન આવે. યુવક-યુવતી વચ્ચેની વાત બેડરૂમ સુધીની રહે એ ખ્યાલ રાખવો જોઈએ. અગર આ વાત ડ્રોઈંગ રૂમમાં વડીલો સુધી પહોંચે ત્યારે વડીલોની આમન્યા જાળવી તેમની સલાહ, સમજણ ભરી વાતને સ્વીકારી સમાધાન સ્વીકાર સંબંધ સાચવી લેવા જોઈએ. ઘરમાં વાસણ હોય એ ખખડે એવું અગાઉ અનુભવી કહેતા પણ હવે તો વાસણ કાચના હોય છે. જેને બંન્ને પક્ષોએ સાચવવા જરૂરી છે.

આજના યુવક યુવતીઓ ઉચ્ચ અભ્યાસ કરી ડિગ્રી પ્રાપ્ત કરે છે. ઘરખમ પેકેજ મેળવવા માટે કાબેલિયત ધરાવે છે. બહોળો ફ્રેન્ડ સર્કલ ધરાવે છે. પણ જિંદગીભર જેની સાથે સાથ નિભાવવાનો છે તેની સાથે સંબંધ જાળવવામાં કેમ ફેલ થાય છે? લગ્ન એ અભ્યાસ પછીની છેલ્લીને આખરી પરીક્ષા છે. તો એ પાસ કરવાની ખેવના આજના બાળકો કેમ રાખતા નથી કે એની પ્રત્યે કેમ બેકાળજી રાખે છે.

ગણિતની દ્રષ્ટિએ એક વતા એક બે થાય છે. પણ જીવનના ગણિતમાં એક વતા એક બરોબર એક રહે છે. જે ઐકમત્ય છે અને એજ રહેવું જરૂરી છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનની સામાજીક સેવાઓને ધ્યાનમાં લઈ સરકાર દ્વારા ૮૦જી નું સર્ટિફીકેટ મળ્યું

સર્વે જ્ઞાતિજનો તથા મહાસમિતિના પ્રતિનિધિઓ, ટ્રસ્ટીશ્રીઓ અને વિવિધ કમિટી ના સભ્યો જોગ,

આપ સૌ જાણો છો તેમ જ્ઞાતિ ના ચતુર્થ સંમેલન બાદ કાર્યરત એવી ગ્લોબલ કાર્ડ, સંજીવની, દિવ્યાંગ, બી ટુ બી, સ્વાભિમાન, સ્વરોજ., એવી વિવિધ કમિટી દ્વારા જ્ઞાતિ લક્ષી કાર્યો શરૂ થયા.

આપણી પાસે સરકારી નિયમો અનુસાર ઈનકમ ટેક્સ માં બાદ મળે એવી ૮૦-જી ન હોય ડોનેશન મેળવવામાં ઘણી તકલીફ પડી, પણ આપણા ખમીરવંતા જ્ઞાતિજનો એ તે દરમ્યાન પણ સાથ સહકાર આપ્યો તે બદલ હું દિલથી આભાર વ્યક્ત કરું છું.

**જ્ઞાતિજનો દ્વારા અપાયેલ સહાયને ૮૦જી ની ફેસિલીટી મળશે**

**Unique Registration number is AANTS1160JF20212 dated: 14-10-2021.**

આજે આપને જણાવતા આનંદ થાય છે કે આપણી સમસ્ત મહાજન ની ટીમ અને તેના અધિકારીઓ ના સતત પ્રયાસો બાદ આપણને ૮૦-જી નો નંબર અને સર્ટિફિકેટ મળી ગયેલ છે, જેથી કરીને હવે ભવિષ્ય માં આપણે પહેલા જેવી હાલાકી ભોગવવી નહીં પડે અને આપણા જ્ઞાતિજનો ને ડોનેશન આપવા સાથે કર બાદ નો લાભ મળી શકશે.

Unique Registration number is AANTS1160JF20212 dated: 14-10-2021.

આપ સર્વે જ્ઞાતિજનો આ સુવિધા નો લાભ મેળવી શકશો અને અત્યાર સુધી સમસ્ત મહાજન ને સાથ સહકાર આપ્યો છે તે રીતે બમણો પ્રતિસાદ આપી જ્ઞાતિસેવા ના કાર્યો ને નવી ઊંચાઈએ લઈ જવામાં જરૂર થી ફૂલ નહી તો ફૂલ ની પાંખડી સ્વરૂપે યોગદાન આપતા રહેશો એવી આપ સર્વે ને વિનંતિ કરૂં છું.

નોંધ : ૮૦જી ની સુવિધાનો લાભ મેળવવા માટે દાતાશ્રી એ પેન કાર્ડ તથા આધાર કાર્ડ ની કોપી આપવી પડશે જે સરકારી નિયમો અનુસાર જરૂરી છે, જેની નોંધ લેશોજી.

સાથ સહકાર ની અપેક્ષા સહ આપનો વિશ્વાસુ ....

લી. શ્રી નિશીથ આનંદ દંડ (વડોદરા), સેક્રેટરી જનરલ
શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

---

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# વેરાવળ શહેરમાં ગૌરવવંત નામના ધરાવતા શ્રી નવીનભાઈ શાહ






શ્રી નવીનભાઈ હીરજીભાઈ શાહ (દંડ) ગામ લાલા હાલ વેરાવળ (જિલ્લોગીર સોમનાથ) શહેરને પોતાનું કર્મક્ષેત્ર બનાવી અનેક સેવાકિય કાર્યો કરે છે. તેઓ અત્રેના શ્રી સંઘના લગભગ ૩૨ વર્ષથી પ્રમુખ છે કોલેજ તથા બીજી અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી છે અત્રેની ૫૦ વર્ષ કરતા વધારે જૂની પાંજરાપોળ ની કાયાપલટ કરી ગૌવંશ માટે સગવડતાસભર બનાવેલ છે. તેઓ અત્રે ના શાંતિનાથ જીનાલય તથા શાંતિ નાથજી યાત્રિક ભવન ના મુખ્ય ટ્રસ્ટી છે.

વિશેષમાં તેઓ શ્રી અત્રેની અગ્રણી બેંક ''ધી વેરાવળ મર્કન્ટાઇલ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ''માં ઘણા વર્ષોથી ચેરમેન છે. તેઓની આગેવાની હેઠળ બેંકની અકલ્પનિય પ્રગતિ થયેલ છે તથા રાષ્ટ્રીય કક્ષાએ દેશના બેંકીગ ક્ષેત્રના પ્રથમ હરોળના ખ્યાતનામ મેગેઝીન બેંકીગ ફ્રંટીયર દ્વારા સમગ્ર દેશની આશરે ૧૫૫૦ જેટલી નાગરિક સહકારી બેન્કો પૈકી મીડિયમ સાઈઝ કેટેગરીમાં વર્ષ ૨૦૨૦-૨૧ મા બેંકે કરેલ કામગીરીનુ મુલ્યાંકન કરી બેસ્ટ કો-ઓપરેટીવ બેન્ક તેમજ બેસ્ટ એચ.આર. ઈનોવેશનમાં બેન્કને રાષ્ટ્રીય કક્ષાએ બે FCBA એવોર્ડ રીઝર્વ બેન્કના પૂર્વ ડી જી.એમ. દ્વારા એનાયત કરવામાં આવેલ છે. જે તેઓની આગવી સૂઝ ને આભારી છે. તેઓ વેરાવળ શહેરમાં એક આગવી ઓળખ ધરાવે છે, જ્ઞાતિ માટે ખરેખર ગૌરવપુર્ણ બાબત છે.

# ગોરેગામ સંઘમાં મુમુક્ષુ વિધિબેનનું ભાવપૂર્વક બહુમાન કરાયું







તા.૨૯ ઓક્ટોબર શુક્રવારના રોજે શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં દિક્ષાર્થી મુમુક્ષુ વિધિબેનનું બહુમાન કરવામાં આવ્યું. શ્રી સંઘમાં છેલ્લા આઠ વરસથી અવિરત ચાલતા શ્રી નમિઉણ પાર્શ્વનાથ જાપના ૪૩૬મા મણકામાં તેઓ જાપમાં જોડાયા હતા અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા. અને સકળ સંઘના આશીર્વાદ મેળવ્યા હતા.

# દિક્ષાર્થી શ્રી અજેશભાઈ પ્રબોધ મુનવરનું દિક્ષા મુર્હુત પ્રદાન કરાયું





ભુજ નગર નિવાસી કોઠારાના દિક્ષાર્થી અજેશ પ્રબોધ હીરાચંદ મુનવરનું માટુંગા સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દિક્ષા મુર્હૂત ભુજ મધ્યે કારતક વદ ૧૧ તા.૨૯ નવેમ્બર ૨૦૨૧ સોમવારનું પ્રદાન કરાયું.

આ પ્રસંગે શ્રી કોઠારા જૈન મહાજન શ્રી શાંતિજન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના પદાધિકારીઓ તથા મુનવર પરિવારના સગા, સંબંધીઓ, સ્નેહીજનો ઉપસ્થિત રહ્યાં હતા અને દીક્ષાર્થી મુમુક્ષુ અજેશભાઈનું ભાવપૂર્વક બહુમાન કરાયું હતું.

# સંજીવની કેસ નં.૫૫ માટે રૂા.૧.૬૫ લાખની ઉદારજનો પાસે અરજ




નલિયા, અંજારના ૮૨ વર્ષીય માતુશ્રી લીલાવંતીબેન દામજી નાગડા ન્યૂમોનિયાથી પીડિત અવસ્થામાં અને શ્વસનતંત્રમાં ઊલટી થવાથી ફેફસા બાધિત થયા છે. જેને લીધે ક્રિટીકલ કંડીશનમાં હોસ્પિટલમાં વેન્ટિલેટર સપોર્ટ પર એડમિટ થયાં છે.

હોસ્પિટલમાં સારવારનો અંદાજિત ખર્ચ રૂા.૧.૬૫ લાખ છે. કોઈ વીમો નથી. એક માત્ર દીકરો પણ બીમાર છે અને પરિવારમાં કોઈ કમાઉ સભ્ય નથી. આ પરિસ્થિતિમાં સંકટમાં મૂકાયેલ લીલાવંતીબેનને તેમના મુશ્કેલ સમયમાં ભરપૂર સપોર્ટ આપી હૂંફ આપવા સાથે મદદ રૂપ થઈએ. દાન મદદની રકમ ૮૦જી અંતર્ગત કર માફી પાત્ર છે. જે માટે દાતાએ પાન અને આધાર કાર્ડની કોપી સબમિટ કરવી જરૂરી રહેશે.

આવો દિવાળીની તહેવારોની ઉજવણી દીપ પ્રગટાવવાની સાથો સાથ કોઈને મદદ કાજે હાથ અને સાથ આપીને તેમના ચહેરા પર હાસ્ય લાવીએ એ અપીલ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ કરે છે.

## હૃદયપૂર્વક અભિનંદન
## અને શુભેચ્છાઓ...

### રાપરગઢવારીના
### શ્રીમતી જવેરબેન કુંવરજી (રમેશ) મોતાના સુપુત્ર



# શ્રી મનીષ કુંવરજી મોતા

B.E. (Computer Science), MBA
રાપરગઢવારી - મુલુંડ - અમેરિકા

**કચ્છી ઓશવાલ જૈન (KOJAIN)**
**વર્ષ ૨૦૨૨-૨૩ ના**
**પ્રમુખપદે ચુંટાવા બદલ**
**ને અમારા સૌ તરફથી ખૂબ ખૂબ અભિનંદન**

નિસ્વાર્થતા, નિડરતા, વિનમ્રતા, સરળતા, ધૈર્યતા, ગંભીરતા
આદિ ગુણોને જીવનમાં વણી સંઘ તેમજ સમાજની ઉન્નતિના
શુભ કાર્યો કરી યશનામી બનો એવી
શુભેચ્છાઓ સહ...

- મયુર ધુલ્લા
- યશોધન કારાણી
- શેપીન નાગડા
- રાજેન્દ્ર ધુલ્લા
- તેજસ લાલકા
- પ્રેમ ચુરલા

# ભાંડુપ સંઘમાં અગાસી છ'રિ પાલિત સંઘની આમંત્રણ પત્રિકાના ચંદન અને કંકુ છાંટણા કરાયા

તા.૨૮ ઓક્ટોબર ગુરૂવારના સવારે ૧૦.૩૦ કલાકે ભાંડુપથી અગાસી છ'રિપાલિત સંઘના ચંદન અને કંકુ છાંટણાનો કાર્યક્રમ શ્રી ક.દ.ઓ.સંઘ ભાંડુપમાં ચાતુર્માસીય ગુરૂદેવ પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના પરમ સાંનિધ્યમાં થયો.

યુટ્યૂબ પર ઓનલાઈન પ્રસારિત થયેલ કાર્યક્રમનો ભાવિકોએ ભાવપૂર્વક લાભ લીધો હતો. ૨.૧૭ કલાકનો વીડીયો યુટ્યૂબ લીંક https://youtu.be/ux8BH_u-fkU પર સૌ જોઈ માણી શકો છો.

---

## સાંધવ નગરે ગીતા સ્મૃતિ તીર્થની શિલા દર્શન રથયાત્રાના વધામણા કરાયા





તા.૨૭ ઓક્ટોબર બુધવારના દિને પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા પની શુભ નિશ્રામાં ગીતા સ્મૃતિ તીર્થની શિલા દર્શન રથયાત્રાના વધામણા કરાયેલ અને રથયાત્રા સાથેના કાર્યકરોનું ભાવપૂર્વક બહુમાન કરાયેલ.

જખૌથી પ્રારંભ થયેલ શિલાદર્શન રથયાત્રા નલિયા, સાંધાણ, કોઠારા, તેરા, સુથરી થઈ સાંધાણ પહોંચી. અહીંથી આગળ વરંડી, નરેડી, હાલાપુર, સાભરાઈ, દેઢિયા થઈ બાડા નગરે રાત્રી રોકાણ કરશે.

---

# કચ્છ સાંધાણ નગરે ગીતા સ્મૃતિ તીર્થ શિલા દર્શન રથયાત્રાના ભાવપૂર્વક વધામણા કરાયા





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સાંધાણ નગરે ગીતા સ્મૃતિ તીર્થ શિલાદર્શન રથયાત્રાના ભાવપૂર્વક વધામણા પ.પૂ. શ્રી આર્યરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં સકળ સંઘે કર્યા. સ્મૃતિ તીર્થ શિલા યાત્રા રથ પધરામણી થવાથી અનેરો આનંદ ભક્તો એ વ્યક્ત કર્યો હતો.

# અંતરના ખોબલે ખોબલે ઓવારણાં

અમેરીકા અને કેનેડામાં વસતા ૨૫૦૦ કચ્છી જૈન
કુટુંબોને પરદેશમાં સર્વ દિશિય સેવા દ્વારા સૌને જોડતી સંસ્થા
કચ્છી ઓશવાલ જૈન [KOJAIN] વર્ષ ૨૦૨૨-૨૩ ના।

## પ્રમુખપદે ચુંટાવા બદલ



અમારા પરિવારના કર્તવ્યનિષ્ઠ, ધર્મપ્રેમી અને હંમેશા
સામાજિક કાર્યોમાં અગ્રેસર રહેનાર પ્રતાપી પુત્ર

# શ્રી મનીષ કુંવરજી(રમેશ) મોતા

B.E. (Computer Science), MBA
રાપરગઢવારી - અમેરિકા

**ને અમ સૌ પરિવારો તરફથી હાર્દિક અભિનંદન અને આશિર્વાદ**

**રોટરેક્ટ કલબ ઓફ મુલુંડ, ફિનિક્સ જૈન સંઘ, ના પ્રમુખપદોથી
શરૂ થયેલ સેવાયજ્ઞ હજી વધું વિસ્તરતું રહે એવી મનોકામના સહ**

: પ્રેક્ષક :

શ્રીમતી જવેરબેન કુંવરજી [રમેશ] મેઘજી લખમશી મોતા પરિવાર - રાપરગઢવારી
સમસ્ત ભવાનજી માણેકજી પરબત મૈશેરી પરિવાર - જખૌ
સમસ્ત હીરજી વેરશી માડણ લોડાયા પરિવાર - સુથરી
ના જય જીનેન્દ્ર

# ભાંડુપ સંઘમાં મુમુક્ષુ અજેશભાઈ પ્રબોધ મુનવરનું બહુમાન કરાયું




ચાતુર્માસીય ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં યુવા મુનિ પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા.ના પરમ સાંનિધ્યમાં મુમુક્ષુ અજેશભાઈ પ્રબોધ હીરાચંદ મુનવર, કોઠારા, ભુજોડી વર્ધમાન નગરનું તા.૨૮ ઓક્ટોબર ગુરૂવાર દિને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપમાં પધાર્યા અને સંઘ દ્વારા તેમનું ઉમળકાભેર બહુમાન કરવામાં આવ્યું.

# શ્રી કે.ડી.ઓ.સમાજ વડોદરા સંઘમાં પર્યુષણ પર્વમાં અઢળક ભાવથી તપ અને ધર્મ ભક્તિ ભાવનાઓ થઈ

શ્રી કે.ડી.ઓ.જૈન સમાજ વડોદરા સંઘમાં પાવન પર્યુષણ પર્વમાં શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈથી પધારેલ લક્ષ્મીબેન ફુરિયા અને વડોદરાના રશ્મિબેન મોમાયાએ સુંદર રીતે ધર્મ આરાધનાઓ કરાવી.

કલ્પસૂત્ર શાહ રાધવજી કેશવજી નાગડા હસ્તે નટવરલાલ શાહ, પારણું માતુશ્રી નવલબેન હીરાચંદ દંડએ પધરાવ્યું. સ્વપ્નનું ધૃત ૧૧૧૨૪૨ મણ થયું. તપસ્યામાં ૧૧ ઉપવાસ ધનેશ લક્ષ્મીચંદ લોડાયા તથા ૮ ઉપવાસ કરનાર તપસ્વીઓમાં ભરત રામજી નાગડા, ચિ.ઉદિત ભાવેશ લોડાયા, ચિ. જૈનમ કમલેશ દંડ, શ્રીમતી લીનાબેન હીરાચંદ લોડાયા, શ્રીમતી ફેનિલ સ્મિત દંડ, શ્રીમતી નેહાબેન દીપેન લોડાયા તથા શ્રીમતી કુંજનબેન ધવલ નાગડા.

પાઠશાળાના નાના બાળકોએ 'હાથના કર્યા હૈયે વાગ્યા' સુંદર નાટક રજૂ કર્યું અને સ્વપ્નમાં બાળકો ૧૪ સ્વપ્ન બની અભિનયની અદાઓ સાથે સુંદર રીતે રજૂઆત કરી સૌના મન મોહી લીધા હતા.

શ્રી મહાકાળી માતાજીની સમૂહ ભાવના તથા વ્યાખ્યાન બાદ ધાર્મિક હરિફાઈ રાખવામાં આવી હતી. પર્યુષણ દરમિયાન આઠ દિવસ બપોરના સાધર્મિક ભક્તિ, છઠના તપસ્વીઓના પારણા બપોરે સ્વામી વાત્સલ્ય અને રાતના પારણાનું જાગરણ રાખવામાં આવ્યું હતું.

# શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજમાં પ્રભુ મિલનનો કાર્યક્રમ યોજાયો






શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ, વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડના આંગણે તા.૨૪ ઓક્ટોબર રવિવારના પ.પૂ. સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી યોગરૂચિતાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં વહેલી પરોઢે, ઝગમગ દીવડાની રોશનીમાં મધુર સંગીતના સથવારે પ્રભુ મિલનનો અદ્‌ભૂત અને ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

# ગોરેગામ સંઘમાં મહારાજ સાહેબના સુવર્ણ શિખર વર્ષની અનુમોદનાર્થે સિધ્ધચક્ર મહાપૂજન થયું




તા.૨૪ ઓક્ટોબર રવિવારના શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા.ના સંયમ સુવર્ણ શિખર વર્ષ (૫૧)ની અનુમોદનાર્થે સિધ્ધચક્ર મહાપૂજનનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિધિકાર રાજાભાઈ નંદુ તેમના સાથી કલાકારો સાથે પધાર્યા હતા. સંઘના શ્રાવક શ્રાવિકાઓના અઢળક ભાવથી ધર્મ આરાધના સંપન્ન થઈ હતી.

# વડોદરા સંઘમાં શાશ્વત આયંબિલની ઓળીની ધર્મ આરાધના થઈ

શ્રી ક.દ.ઓ.જૈન વડોદરા સંઘમાં આસો માસની શાશ્વત આયંબિલની ઓળી સંઘના રસોડે માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવાર તરફથી કરવામાં આવી. આ ધર્મ આરાધનામાં ૧૨ ભાગ્યશાળીઓ ઓળીનો તથા ૧૨૮ ભાગ્યશાળીઓએ આયંબિલ કરવાનો લાભ લીધેલ હતો.

## વિક્રમ સંવત ૨૦૭૭-૭૮ના ચોપડા પૂજનના મુહૂર્તો

**ધનતેરસ**

**આશ્વિન વદ-૧૨, મંગળવાર, તા.૦૨-૧૧-૨૦૨૧** 卐
સવારે ક. ૦૯:૩૦ - ક. ૧૦:૫૭ (ચલ), સવારે ક. ૧૦:૫૭ - ક. ૧૨:૨૨ (લાભ), બપોરે ક. ૧૨:૨૨ - ક. ૧૩:૪૭ (અમૃત), બપોરે ક. ૧૫:૧૩ - ક.૧૬:૩૮ (શુભ), રાત્રે ક. ૧૯:૩૮ - ક. ૨૧:૧૩ (લાભ), રાત્રે ક. ૨૨:૪૭ - ક. ૦૦:૨૨ (શુભ)

**દિવાળી**

**આશ્વિન વદ-૩૦, ગુરૂવાર, તા.૦૪-૧૧-૨૦૨૧** 卐
સવારે ક. ૦૬:૪૧ - ક. ૦૮:૦૬ (શુભ), સવારે ક. ૧૦:૫૭ - ક. ૧૨:૨૨ (ચલ)
બપોરે ક. ૧૨:૨૨ - ક. ૧૩:૪૭ (લાભ), બપોરે ક. ૧૩:૪૭ - ક. ૧૫:૧૨ (અમૃત)
સાંજે ક. ૧૬:૩૭ - ક.૧૮:૦૨ (શુભ), રાત્રે ક. ૧૮:૦૨ - ક. ૧૯:૩૭ (અમૃત)
રાત્રે ક. ૧૯:૩૭ - ક. ૨૧:૧૨ (ચલ)

**બેસતું વર્ષ**
**સંવત ૨૦૭૮**

**કાર્તિક સુદ -૧, શુક્રવાર, તા.૦૫-૧૧-૨૦૨૧** 卐
સવારે ક. ૦૮:૦૭ - ક. ૦૯:૩૨ (લાભ), સવારે ક. ૦૯:૩૨ - ક. ૧૦:૫૭ (અમૃત)
બપોરે ક. ૧૨:૨૨ - ક. ૧૩:૪૮ (શુભ)

**લાભ પાંચમ**
**જ્ઞાન પાંચમ**

**કાર્તિક સુદ -૫, મંગળવાર, તા.૦૯-૧૧-૨૦૨૧** 卐
સવારે ક. ૦૯:૩૧ - ક. ૧૦:૫૭ (ચલ), સવારે ક. ૧૦:૫૭ - ક. ૧૨:૨૨ (લાભ)
બપોરે ક. ૧૨:૨૨ - ક. ૧૩:૪૭ (અમૃત), બપોરે ક. ૧૫:૧૩ - ક. ૧૬:૩૮ (શુભ)

# કોઠારા તીર્થે ગીતા સ્મૃતિ શિલા દર્શન રથયાત્રાનું વાજતે ગાજતે સામૈયું કરાયું





તા.૨૭ ઓક્ટોબર બુધવાર રોજ ઐતિહાસિક કોઠારા તીર્થે ગીતા સ્મૃતિ શીલા દર્શન રથયાત્રાનું વાજતે ગાજતે સામૈયું કરાયું. પ્રદક્ષિણા કરી અક્ષત અને પુષ્પોથી વધામણા સહ વાસક્ષેપ પૂજા કરવામાં આવેલ.

પ.પૂ.સાધ્વીશ્રી હંસમાલાશ્રીજી મ.સા.આદિ ઠાણા-૨ એ અનુમોદનારૂપી આર્શીવચન પાઠવેલ.

# દિવાળીના સપરમા દિવસોમાં જીવદયાનું સુંદર કાર્ય દ્વારા પુણ્યનું ભાથું બાંધીએ

દિવાળીના સપરમાં દિવસે અને આ પર્વના દિવસોમાં ફટાકડા તો ન ફોડીએ ને એ રીતે પુણ્યનું ભાથું બાંધીએ. એ રીતે સૌ સાથે મળીને જીવદયાનું સુંદર કાર્ય કરીએ.

દીપોત્સવીના પાવન તહેવારોમાં ધનતેરસ, દિવાળી (શ્રી ભગવાન મહાવીર સ્વામી મોક્ષ કલ્યાણક દિવસ) તથા લાભ પાંચમના શુભદિને મૂંગા અબોલા જીવોને પણ લાપસી, ગોળ અને લીલો ઘાસચારો ખવડાવીએ.

શ્રી તેરા પાંજરાપોળ આ વર્ષે લાપસી બનાવીને નાના, મોટા, વૃધ્ધ, અપંગ, બીમાર, અબોલ જીવોને મીઠું મોઢું કરાવવાનું આયોજન કરેલ છે. જેનો નકરો રૂા.૧૦૦૦/- રાખવામાં આવેલ છે. આનો લાભ લેવા તમારા નામ લખાવવા માટે ગિરીશભાઈ મલ્લ તેરા-૦૯૪૨૬૨૬૫૨૩૨નો સંપર્ક કરવો.

બેંક વિગત ખાતાનું નામ SHRI TERA PANJARAPOL બેંકનું નામ STATE BANK OF INDIA, NALIYA BRANCH એકાઉન્ટ નં. 10933790470, IFSC No. SBIN0000438.

આપની રકમ બેંકમાં ભરીને અમને જાણ કરશો. બેંક એડવાઈઝનો ફોટો સાથે આપનું નામ, સરનામું મોકલશો એટલે આપને રસીદ મોકલવામાં આવશે. પાંજરાપોળને અપાયેલું દાન ઈન્કમટેક્ષમાં ૮૦જી હેઠળ બાદ મળે છે.

આગોતરા ધન્યવાદ સાથે તેરા મહાજન, તેરા ટ્રસ્ટ તથા તેરા પાંજરાપોળના સર્વે ટ્રસ્ટીશ્રીઓ દ્વારા આ અપીલ કરાઈ છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**શાંતિલાલ લાલકા**
તા.૨૮ ઓક્ટો.(ઉ.૬૫)
બાંઢીયા-મસ્જિદબંદર



**નેણશી ખોના**
તા.૨૮ ઓક્ટો.(ઉ.૬૬)
સાંધવ-ભુજ



**નિલય દંડ**
તા.૨૯ ઓક્ટો.(ઉ.૫૧)
તેરા-આદિપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છની પોસ્ટ ઓફિસોમાં પાકતી મુદતના ૧૦ વર્ષ સુધી કોઈ ઉપાડ ન કર્યા હોય એવા ૧૦૮૭૨ ખાતા છે. જેમાં અંદાજે બે કરોડની રકમ અન કલેઈમ્ડ કોઈએ દાવો કર્યો નથી એવા છે. પોસ્ટ વિભાગમાં આવા ખાતા સાઈ લેન્ટ એકાઉન્ટ કહેવાય છે. થોડા સમય પૂર્વે અમલી બનેલા નિયમ મુજબ આવા ખાતા સિનિયર સિટિઝન વેલ્ફેર ફંડના ખાતામાં ફેરવી દેવાય છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં ડાક વિભાગમાં કુલ્લ ૫૪૦ કરોડ અનકલેઈમ્ડ તરીકે ગણાઈ છે. જે ખાતામાં દસ વર્ષ સુધી ઉપાડ ન થાય તેવા ખાતા અનક્લેઈમ્ડ કહેવાય છે.

● કચ્છી સાહિત્ય મંડળ દ્વારા મુંદરામાં જન્મેલા કચ્છી લોક સાહિત્યકાર, કવિ, લેખક અને સંશોધક દુલેરાય કારાણીનું ૧૨૫ વર્ષ ચાલે છે ત્યારે તેમની સ્મૃતિમાં ભુજમાં યોગ્ય સ્થળે એમની પ્રતિમા મુકવા માટેની માંગણી ભુજ સુધરાઈ પ્રમુખ પાસે કરાઈ છે. નગરપતિ ધનશ્યામભાઈ ઠક્કરએ સકારાત્મક પ્રતિભાવ આપી આ અંગે યોગ્ય કરવાની ખાતરી આપી હતી. કચ્છ સાહિત્ય મંડળના પ્રમુખ લાલજી મેવાડા 'સ્વપ્ન'ની આગેવાનીમાં કવિ જયંતિ જોશી 'શબાબ', પબુ ગઢવી 'પુષ્પ', ડૉ. કાંતિ ગોર 'કારણ', કૃષ્ણકાંત ભાટિયા કાન્ત અને મોહનલાલ જોશી જોડાયા હતા.

● શ્રધ્ધા અને વિશ્વાસ હોય તો કોઈ પુરાવાની જરૂર રહેતી નથી એ વાત અંજાર તાલુકાના ખેડોઈ ગામે પટેલવાસમાં આવેલા લક્ષ્મીનારાયણ ચોકમાં ૭૫ વર્ષ જૂનું લક્ષ્મીનારાયણ દેવનું મંદિર આવેલું છે. જેનું શિખર જર્જરિત થતાં તેને બદલવાની જરૂરત હોતાં વિધિ વિધાન સાથે હોમ હવન કરીને નવું શિખર બનાવવા જૂનું શિખરને હટાવતાં તે જગ્યાએ નીચેથી પંચધાતુનો એક જૂનો સિક્કો મળી આવ્યો હતો. સિક્કામાં મંદિર ક્યા વખતે અને કોના સમયમાં નિર્મિત થયું હતું તેનો ઉલ્લેખ જોવા મળ્યો. સિક્કાની નીચે એક છિદ્રમાં લાપશીની પ્રસાદી એ જ રીતે નીકળી જે ૭૫ વર્ષ પહેલાં મંદિરના નિર્માણ સમયે એમાં રાખવામાં આવેલી હતી. આ પ્રસાદ તાજો જ હોવાની પ્રતિતી ભક્તોને તેને જોતા જ થઈ હતી. આ ઘટનાની જાણ થતા મંદિરમાં ભક્તોનો જમાવડો દર્શનાર્થે જામ્યો હતો અને દુર્લભ લાપશી પ્રસાદના દર્શન કર્યા હતા.

● કચ્છમાં જગ વિખ્યાત પામેલા સફેદ રણ અને કચ્છની લોકકલા, સંસ્કૃતિ અને વિવિધ કલા કસબને રાષ્ટ્રીય સ્તરે ઝળકાવવા અમદાવાદ દૂરદર્શન દ્વારા બીડું ઝડપાયું છે. એ આધારિત એક અનોખું દસ્તાવેજી ચિત્ર તૈયાર કરવામાં આવી રહ્યું છે. જેને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણ ભાષામાં રજૂ કરવા કચકડે કંડારવાનું શૂટિંગ કરાયું. દૂરદર્શન નિર્મિત આ દસ્તાવેજી ચિત્ર કચ્છ માટે એક અનોખું સંભારણું બની રહેશે.

● કચ્છી સાહિત્ય રત્ન એવોર્ડથી સન્માનિત કચ્છી સાહિત્યના જાણીતા કવિ પબુ ગઢવી પુષ્પ તથા વર્ષોથી આયુર્વેદિક ક્ષેત્રે સેવા આપતા વીરેન્દ્રભાઈ કાનાણીનું કાઠડા સાર્વજનિક મંદિર વિકાસ સમિતિ દ્વારા સન્માન કરાયું. અખિલ કચ્છ ચારણ સમાજ પ્રમુખ વિજયભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે કવિત્વ એ ચારણોનો જન્મજાત સંસ્કાર છે અને ચારણીય કવિઓએ પોતાની કવિતના માધ્યમથી અનેકના જીવનમાં પરિવર્તન લાવી આધ્યાત્મિકતા અને શુરવીરતાની પ્રેરણા પ્રદાન કરી છે. ચારણે પ્રકૃતિ પ્રેમી સમાજ છે અને પ્રકૃતિથી જ દરેક બીમારીઓનું ઔષધ મળે છે.

● ભુજની ગાઈડ સંસ્થા દ્વારા કચ્છના અખાતમાં માંડવી બીચ ખાતે સ્વચ્છ સમુદ્ર અભિયાનની ઉજવણી સ્વચ્છતા દિવસ અને સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે દરિયાકાંઠાની સફાઈ કરી. ૧.૫ ટન કચરાનો નિકાલ કરાયો હતો.


Happy Diwali
કોઈને જુઓ અને
તમારી અંદર રંગોળી પૂરાઈ જાય
ત્યારે સમજવું કે આજે દિવાળી છે!
સર્વેને દિવાળી
તેમજ નવા વર્ષની શુભકામના
નીશિથ આનંદ દંડ
Sure Safety
Complete Safety Solutions
PPE Training Consulting & Services


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA